અપીલ અરજી નં.૪૦૦ તા.૭–૩–૦૯

અરજદારઃ શ્રીમતી ગંગાબેન કે. ધનકા (૨) શ્રીમતી શાંતાબેન ખીમાભાઈ બથવારની
સામાવાળાઃ શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ (૧) શ્રીમતી ગંગાબેન કે. ધનકા (૨) શ્રીમતી શાંતાબેન ખીમાભાઈ બથવારની તા.૬–૨–૦૯ ની અરજીથી સુ.મ.પા. સેવા સદનના કાર્યક્ષેત્રમાં આવેલ શાળાના શિક્ષકોની ફરજ અંગેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૭–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૦૦ /૨૦૦૮–૦૯

શ્રીમતી ગંગાબેન કે. ધનકા (૨) શ્રીમતી શાંતાબેન ખીમાભાઈ બથવારની તા.૬–૨–૦૯ ની અરજીથી સુ.મ.પા. સેવા સદનના કાર્યક્ષેત્રમાં આવેલ શાળાના શિક્ષકોની ફરજ અંગેની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર ન પાઠવેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૬૯ તા.૨૪–૩–૦૯ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તફઓ તરફથી ન.પ્રા.શિ.સમિતિ/નં.૧૧ તા.૧૮–૪–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. અપીલ અરજી પશ્ચાત તા.૨૪–૩–૦૯ ના પત્રના અનુસંધાનમાં અરજદાર તરફથી અરજી ફી મળ્યાની પહોંચ અને અપીલ ફોર્મ ભરવા જણાવેલ. જેની વિગતો અરજદાર તરફથી પૂરી પડાયેલ નથી.

અરજદારની તા.૬–૨–૦૯ થી મ્યુ. કમિશ્નરશ્રીને સંબોધીને રૂા.૨૦/– ની કોર્ટ ફી સ્પેમ્પ સાથે કરેલ અરજીમાં શ્રી શંકરલાલ આંબાલાલ પટેલ, શ્રી આશિષભાઈ પટેલ, શ્રી નવીનભાઈ નારણભાઈ પટેલ, અને શ્રી જીતેન્દ્ર ભાઈ લીંબાચીયા ચાર ઈસમોના પુરા નામ ,સરનામાં, શાળાના સ્થળ અને ફરજની માહિતી, પોલીસ કાર્યવાહી અને તહોમત નંબર ની માહિતી અને ખાતાકીય કાર્યવાહી વિગેરે માહિતી માંગવામાં આવેલ. જે નં.આરટીઆઈ સેલ/૧૦૭૯ તા.૧૦–૨–૦૯ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારીને અરજદારની જાણ હેઠળ તબદીલ કરેલ. અરજદારે તા.૧૭–૨–૦૯ ન રોજ સ્મૃતિપત્ર–૨, શાસનાધિકારીને પાઠવવામાં આવેલ છે. ત્યાર બાદ તા.૨૧–૪–૦૨ ના રોજ બપોરે ૩.૩૦ કલાકે સુનાવણી અર્થે અરજદાર તથા જાહેર માહિતી અધિકારીને આરટીઆઈ સેલ/૪૪ તા.૧૭–૪–૦૯ ના રોજ પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદાર સુનાવણી સમયે ઉપસ્થિત રહેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપ શાસનાધિકારી ઉપસ્થિત રહેલ. જેમાં અરજદારની તા.૬–૨–૦૯ ની અરજી તા.૧૦–૨–૦૯ ના રોજ મળેલ અને જેની માહિતી તથા અરજદારના ૧૭–૨–૦૯ નો પત્ર તા.૨૦–૨–૦૯ ના રોજ મળેલ. જે અંગે જાવક/ નં.૧૯૩ તા.૨૭–૩–૦૩ થી શાળાના શિક્ષક અંગેની માહિતી પૂરી પાડવા માટે પત્ર પાઠવેલ. જે અરજદારે રસીદ નં.૩૬૦૩ તા.૨૭–૩–૦૯ થી રૂા.૨/– જમાં કરાવી માહિતી મેળવેલ છે. જે અંગેની રજુઆત કરેલ. અરજદારની માંગ્યા મુજબના ચાર ઈસમો અંગેની માહિતી શ્રી નવીનભાઈ પટેલ નામનો કોઈ શિક્ષક ફરજ બજાવતો નથી જયારે જીતેન્દ્ર વિષ્ણુભાઈ લીંબાચીયા તથા શંકરલાલ અંબાલાલ પટેલ શિક્ષક તરીકે ફરજ અંગેની શાળા તથા રહેઠાણના સરનામાં પૂરા પડાયેલ છે. તેમજ શિક્ષક શ્રી રાજેશ બી. પટેલની ઘરના સરનામાં તથા પોલીસ ફરિયાદ નોંધાયેલ છે કચેરી તરફથી પોલીસ સ્ટેશનમાં માહિતી માંગતા તેમના તરફથી આઈ ગુ.ર.ન.૨૨૫/૬ ઈ.પી.કોડની કલમ–૪૦૬,૪૨૦,૧૨૦બી,૧૧૪ ના ગુનામાં ધરપકડ કરી હતી. અને તેમને ૪૮ કલાકથી વધુ કસ્ટડીમાં રાખવામાં આવેલ હોવાથી મજકુર શિક્ષકને ફરજ મૌકુફી હેઠળ મુકવામાં આવેલ હતાં અને કોર્ટમાં કેસ ચાલતાં કોર્ટ તરફથી તેમને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરતાં તેમને નોકરીમાં પુનઃ સ્થાપિત કરવામાં આવેલ છે.

***<u>હુકમ</u>***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૬–૨–૦૯ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી અપીલ તબકકે અરજદારને પૂરી પડાયેલ હોઈ અને અરજદારને માહિતી મળી ગયેલ હોઈ માહિતી સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૪ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ,.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રીમતી ગંગાબેન કે. ધનકા (૨) શ્રીમતી શાંતાબેન ખીમાભાઈ બથવાર,